૮૦૧ / ૯૫૫

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૦૮)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)** **સત્સંગ પ્રાજ્ઞ - ૨ : પ્રશ્નપત્ર - ૧** **(કુલ ગુણ : ૧૦૦)**

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.**

## વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્રશ્ન.૧. નીચેનામાંથી કોઈ પણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૧)
- ૧. નિશાનને ઠેકાણે તો ભગવાનનું ધામ છે.
- ૨. દેહના સુખ - દુઃખ : શૂરવીર ભક્તનો નિશ્ચય
- ૩. આજ્ઞા ભેળી મૂર્તિનો સિદ્ધાંત સમજાવો.
- ૪. મલિન વાસના ટાળવાનું ઠેકાણું - ગ.મ.૪૭ પ્રમાણે.
- ૫. કારિયાણી ૧૨ પ્રમાણે મનને સ્થિર કરવાનો ઉપાય

**પ્રશ્ન.૨. નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)
- ૧. અને અમારી પ્રકૃતિ એમ છે જે ....... કુરાજીપો થતો નથી.
- ૨. માટે જે સ્વરૂપનિષ્ઠા રાખે ....... ભેળી ધર્મનિષ્ઠા પણ દઢપણે રહેશે.
- ૩. અને જે ભગવાનના ....... તો કોઈ સમર્થ નથી.
- ૪. જે ગૃહસ્થ હોય તે તો ....... હરિભક્તમાં મોટેરો જાણવો.
- ૫. અને ભગવાનના ભક્તની ....... તે તો ભક્તિરૂપ છે.

**પ્રશ્ન.૩. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)
- ૧. કલ્યાણ - પરમ કલ્યાણ
- ૨. સ્વભાવ જીતવાનો ઉપાય

## વિભાગ - ૨ : 'સ્વામીની વાતો'ના આધારે

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** (ગુણ ૫)
- ૧. કોનો સંગ કરવો ને કોનો સંગ ન કરવો ?
- ૨. કયાં સુધી કાંઈ નથી કર્યું ?
- ૩. મોટા મોટા અવતાર કરતાં કોનામાં અધિક દૈવત છે ?
- ૪. સત્પુરુષમાં જીવ બંધાણો ક્યારે કહેવાય ?
- ૫. મુમુક્ષુને કોના વિના સુખ કે શાંતિ થાય જ નહીં ?

**પ્રશ્ન.૫. કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગ્યા પૂરો.** (ગુણ ૫)
- ૧. જ્યાં સુધી ................. છે ત્યાં સુધી સ્ત્રી, દ્રવ્ય, દીકરા, દીકરી વિષે સુખ મનાય છે. (આસક્તિ, અજ્ઞાન, દેહભાવ)
- ૨. જેવું ................. કરીને જીવનું ભૂંડું થાય છે, તેવું તો પંચવિષયે કરીને પણ થતું નથી. (મનુષ્યભાવ, અવગુણ, પક્ષપાત)
- ૩. આ સોરઠ દેશના ................. ઉપર મહારાજને બહુ હેત, તેને પોતાનું સુખ દેવા સારુ મહારાજે મુને રાખ્યો છે. (ભક્તો, સત્સંગી, હરિજન)
- ૪. ધ્યાનમાં દેહને હલવા ન દેવું એટલે ................. દેહ જિતાયો કહેવાય. (સ્થૂળ, સૂક્ષ્મ, કારણ)
- ૫. એવો અધર્મ સર્ગ શેણે કરીને પ્રવેશ થાય છે, તો જ્યારે એક બીજાનાં ................. નોખાં પડે છે ત્યારે પ્રવેશ થાય છે. (જીવ, મન, હૃદય)

**પ્રશ્ન.૬. અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'ના આધારે નીચેનામાંથી કોઈ પણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૦)
- ૧. જગત સંબંધી પંચવિષયથી થતો ગેરલાભ
- ૨. ગુણાતીતાનંદ સ્વામીનું કથા કૌશલ્ય
- ૩. જ્ઞાન પ્રાપ્તિનો મહિમા

## વિભાગ - ૩ : 'ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ૨' નવી આવૃત્તિના આધારે

**પ્રશ્ન.૭. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)
- ૧. નીલકંઠે આપેલાં વરદાનો
- ૨. સદ્‌ગુણોના ધારક ઘનશ્યામ.
- ૩. વનવિચરણમાં દેવોએ કરેલી નીલકંઠની સેવા

**પ્રશ્ન.૮. નીચેનામાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૦)
- ૧. રામાનંદ સ્વામીએ કહેલો નીલકંઠવર્ણીનો મહિમા
- ૨. નીલકંઠનો ગુજરાત પ્રવાસ
- ૩. ભાડેરમાં શ્રીહરિની ધર્મસભા
- ૪. ભાદરામાં વસંતોત્સવ અને ઉંડવતીની લીલા

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૩ જુલાઈ, ૨૦૦૮ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૫ જૂન, ૨૦૦૮; પરીક્ષા : સત્સંગ પ્રાજ્ઞ-૨(૧); માધ્યમ : ગુજરાતી; સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો. ૮૦૧

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :-

પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :-

પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**